# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૬ તા.૧૩-૧૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- કામના સ્થળે અનુસૂચિત જાતિ સમુદાયના કર્મચારીઓ માટે 'આંતરિક ફરિયાદ નિવારણ સમિતિ' ની રચના કરવા બાબત.

સંદર્ભ :- નં.સમગ્ર શિક્ષા/ગ.એ./SC/૨૦૨૧-૨૨/૭૪/૪૦૪૦૪-૪૭૫ તા.૧૦-૧૨-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના તથા માર્ગદર્શન અનુસાર કામકાજના સ્થળે અનુસૂચિત જાતિ સમુદાયના કર્મચારીઓ માટેની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ 'આંતરિક ફરિયાદ નિવારણ સમિતિ' નીચે મુજબ છે.

| ક્રમ | અધિકારી / કર્મચારીશ્રીનું નામ | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|---|
| ૧ | શ્રી નિમિષાબેન ચૌહાણ | મદદનીશ શાસનાધિકારી | અધ્યક્ષ |
| ૨ | શ્રી અશોકભાઈ પરમાર | સુપરવાઈઝર | સભ્ય |
| ૩ | શ્રી હરેશભાઈ સોલંકી | હેડકલાર્ક | સભ્ય |
| ૪ | શ્રી અરૂણભાઈ રાઠોડ | હેડકલાર્ક | સભ્ય |
| ૫ | શ્રી વૈભવભાઈ સોલંકી | સિની.કલાર્ક | સભ્ય સચિવ |

તા.૧૩-૧૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

## અગત્યની નોંધ :-

વિષયઃ- આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને પત્ર લેખન સ્પર્ધા.

સંદર્ભઃ- ૧. DO No : J/NVP HO/Post card campaign / 2021-22 Dt.30th November 2021
૨. ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૧૪૧૧૪-૨૦૧ તા.૦૨/૧૨/૨૦૨૧

પરિપત્ર નં.૧૧૧-B તા.૦૩-૧૨-૨૦૨૧ અન્વયે જણાવવાનું કે તમારી શાળાના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સત્વરે નજીકની પોસ્ટ ઓફિસમાંથી પોસ્ટકાર્ડ ખરીદીને પત્ર લેખન કરાવવું. પોસ્ટકાર્ડ ખરીદીનો ખર્ચ શાળાએ શાળા ગ્રાન્ટમાંથી કરવો. પત્રોની ભાષા, જોડણી, શૈલી અને માહિતીને **વર્ગ શિક્ષકે તથા મુખ્ય શિક્ષકશ્રીએ વાંચીને ખાસ ચકાસ્યા બાદ** તા.૧૭-૧૨-૨૦૨૧ સુધીમાં નજીકની પોસ્ટ ઓફિસમાં રૂબરૂ જઈને ત્યાંના મેનેજરશ્રીને હાથો-હાથ પત્રો સોંપીને પાવતી મેળવી લેવાની રહેશે.

તા.૧૩-૧૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૬-A તા.૧૩-૧૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- લર્નીંગ લોસ ઘટાડવા માટે સમયદાન આપવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૧-૨૨/૮૧૯૯-૮૨૮૫ તા.૧૩-૧૨-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પ્રાથમિક શાળાઓમાં કોવિડ-૧૯ના કારણે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય લાંબા સમયથી બંધ રહેવાને કારણે બાળકોના શૈક્ષણિક સિદ્ધિ સ્તરમાં ઘટાડો થયો હોવાની સંભાવના છે. જેની ક્ષતિપૂર્તિ માટે વિશેષ પ્રયત્નો કરવા માટેની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે. જે અંગે લર્નીંગ લોસ ઘટાડવા માટે આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ આયોજન અનુસાર શિક્ષકો દ્વારા સવિશેષ સ્વૈચ્છિક સમયદાન આપવા અપીલ કરવામાં આવે છે.

બંને પાળીમાં ચાલતી શાળાઓએ તેમના સુપરવાઈઝરશ્રી સાથે પરામર્શ કરીને સમયદાન માટેનું જરૂરી આયોજન કરવાનું રહેશે. વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થાનું આયોજન કરવાનું રહેશે. કોરોનાની ગાઈડ લાઈનનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. સમયદાનની માહિતી શાળાકક્ષાએ રાખવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૩-૧૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ<br>
શાસનાધિકારી

ક્રમાંક: પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૧-૨૨/૯૨૯૯ - ૯૨૯૫
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા. ૧૩/૧૨/૨૦૨૧

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય : લર્નીંગ લોસ ઘટાડવા માટે સમયદાન આપવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં COVID-19 ની પરિસ્થિતિને કારણે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય લાંબા સમય સુધી બંધ રહેવાને કારણે બાળકોના શૈક્ષણિક સિધ્ધિ સ્તરમાં ઘટાડો થયો હોવાની સંભાવના છે. જેની ક્ષતિપૂર્તિ માટે વિશેષ પ્રયત્નો કરવા માટેની જરૂરીયાત પ્રસ્થાપિત થાય છે. જે અંગે સક્રિય વિચારણા હાથ ધરી લર્નીંગ લોસ ઘટાડવા માટે શિક્ષકો દ્વારા સવિશેષ સ્વૈચ્છિક સમયદાન આપીને શિક્ષણકાર્ય થાય તે માટે તમામ સંગઠનો સાથે માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) તથા માન.મંત્રીશ્રી (શિક્ષણ)ની ઉપસ્થિતિમાં ચર્ચા કરી સર્વાનુમતે નીચે મુજબનું આયોજન વિચારવામાં આવેલ છે. જેનો અમલ વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતમાં સાનુકૂળ થાય તે જોવા આથી જણાવવામાં આવે છે.

1. રાજ્યની તમામ સરકારી / ગ્રાન્ટ-ઇન-એઇડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કામ કરતા શિક્ષકોને ઉપરોક્ત પરિસ્થિતિ અન્વયે સ્વૈચ્છિક રીતે સમયદાન આપવા માટે અપીલ કરવામાં આવે છે.
2. દરેક શિક્ષક શાળા સમય ઉપરાંત વધારાના સમયમાં ૧૦૦ કલાક શૈક્ષણિક કાર્ય કરી સમયદાન આપે.
3. ૧૫મી ડિસેમ્બર(૨૦૨૧)થી ૧૫મી એપ્રિલ (૨૦૨૨) સુધીમાં શાળા સમય ઉપરાંત વધારાનું શિક્ષણ કાર્ય કરી ૧૦૦ કલાકનું સમયદાન કરવા માટે જરૂરી આયોજન કરવા અપીલ કરવામાં આવે છે.
4. સમયદાન માટે શાળા પોતાની રીતે આગવુ આયોજન કરી શકે છે. શાળા સમય પહેલા ૧ કલાક અથવા શાળા સમય પહેલા અડધો કલાક તેમજ શાળા સમય બાદ અડધો કલાક મુજબ પોતાની શાળામાં સ્થાનિક પરિસ્થિતિ અને જરૂરીયાત મુજબ આયોજન કરવાનું રહેશે. જે શાળાઓમાં પાળી પધ્ધતિથી શિક્ષણ કાર્ય ચાલતુ હોય તેવી શાળાઓએ શનિવાર તેમજ શાળા સમયમાં જરૂરી ફેરફાર કરી યોગ્ય રીતે આયોજન કરવાનું રહેશે.
5. શાળાઓ અને શિક્ષકો ઈચ્છે તો રવિવાર અને અન્ય જાહેર રજાના દિવસે અનુકૂળતા મુજબ શિક્ષણકાર્ય કરાવી શકાશે.
6. કોરોનાની પરિસ્થિતિને કારણે વિદ્યાર્થીઓ ધોરણ- ૧ અને ૨ નો અભ્યાસ કર્યા વગર સીધા ધોરણ-૩ માં પ્રવેશ કરેલ છે, તેમનું પાયાનું શિક્ષણ ખુબ જ નબળુ રહ્યુ છે, આવા બાળકોને સવિશેષ સમયદાન

Scanned with CamScanner

આપી તેમની પાયાની કચાશ દૂર કરવી જોઈએ. આ માટે સમયદાન દરમિયાન વાંચન, લેખન અને ગણનને કેન્દ્રમાં રાખી શિક્ષણકાર્યમાં અગ્રતા આપવી જરૂરી છે.

7. ધોરણ- ૬, ૭ અને ૮ માં વિષયવાર આયોજન માટે શાળાના આચાર્ય તેમજ શિક્ષકો દ્વારા લર્નીંગ લોસ અંતર્ગત જરૂરી મહત્વના કઠિનબિંદુઓની તારવણી કરી શાળાએ પોતાની સ્થાનિક પરિસ્થિતિ અને જરૂરીયાત મુજબ વિશેષ શિક્ષણ કાર્ય માટે શાળા કક્ષાએ વ્યવસ્થા કરવાની રહેશે.
8. સમયદાન દરમિયાન બાળકોને અભ્યાસના કઠિનબિંદુઓ તેમજ જે સંકલ્પનાઓ સ્પષ્ટ ન હોય તેવી બાબતો તેમજ પાઠ્યપુસ્તકોના અગત્યના પ્રકરણો ઉપર સવિશેષ શિક્ષણ કાર્ય હાથ ધરવાનું રહેશે.
9. શિક્ષકે પોતે સમયદાન શરૂ કરતી વખતે અને સમયદાન પૂર્ણ કર્યા બાદ સિધ્ધિ કસોટી દ્વારા પોતાની કામગીરીનું સ્વ-મૂલ્યાંકન કરવાનું રહેશે.
10. ધોરણ- ૯ થી ૧૨ ના માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાના વિષયો માટે વિષયના ભારણ પ્રમાણે આચાર્યશ્રી તેમજ શિક્ષકો દ્વારા લર્નીંગ લોસ અંતર્ગત જરૂરી મહત્વના કઠિનબિંદુઓની તારવણી કરી શાળાએ પોતાની સ્થાનિક પરિસ્થિતિ અને જરૂરીયાત મુજબ વિશેષ શિક્ષણ કાર્ય માટે શાળા કક્ષાએ વ્યવસ્થા કરવાની રહેશે.
11. ધોરણ- ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના મુખ્ય વિષયો જેવા કે, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત, જીવ-વિજ્ઞાન જેવા વિષયોમાં સંકલ્પના સ્પષ્ટ કરવાના હેતુસર તથા લિંકીંગ ચેપ્ટર અન્વયે વિશેષ માર્ગદર્શન આપવાનું રહેશે.
12. ધોરણ- ૧૦ અને ૧૨ ની બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણકાર્ય દરમ્યાન કચાશ રહી ગયેલ પ્રકરણો/મુદ્દાઓની તારવણી કરીને લર્નીંગ લોસ અન્વયે વિષય શિક્ષકો દ્વારા વિશેષ માર્ગદર્શન આપવાનું રહેશે.
13. સમયદાનની આ કામગીરીમાં સ્વૈચ્છિક રીતે નિવૃત્ત શિક્ષકો, સ્થાનિક તાલીમી સ્નાતક તેમજ અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓને જોડી શકાશે.
14. સમયદાન માટે જરૂરી બ્રીજકોર્ષ અને ઉપચારાત્મક સાહિત્ય માટે પાઠ્યપુસ્તક ઉપરાંત જ્ઞાનસેતુમાં દર્શાવેલ સામગ્રીનો ઉપયોગ કરવાનો રહેશે.

વિદ્યાર્થીઓના શિક્ષણના હિતમાં તેમજ ભાવિ પેઢીનું શિક્ષણ ગુણવત્તાસભર બને તે માટે આયોજીત સમયદાન યજ્ઞમાં સ્વેચ્છાએ જોડાઈએ.

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર

નિયામક
જી.સી.ઈ.આર.ટી.
ગુ.રા. ગાંધીનગર

અધ્યક્ષ
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ
ગુ.રા. ગાંધીનગર

નિયામક
શાળાઓની કચેરી
ગુ.રા. ગાંધીનગર

Scanned with CamScanner